# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયા સંઘર્ષની લાંબા ગાળાની અસરોના નિવારણ માટે સાત સશક્ત જૂથોની રચનાની જાહેરાત કરી

2) ગુજરાત વિધાનસભાએ બહુમતીથી સમાન નાગરિક સંહિતા યુનિફોર્મ સિવિલ કોડ (UCC) વિધેયક પસાર કર્યું – UCC લાગુ કરનાર દેશનું બીજું રાજ્ય બન્યું

3) નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં નાણા વિધેયક 2026 પરની ચર્ચાનો જવાબ આપશે

4) સરકારે ખાતરી આપી છે કે દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો ભંડાર- ઘરેલુ LPG ઉત્પાદનમાં વધારો કરાયો

5) છત્તીસગઢમાં આજથી પ્રથમ ખેલો ઇન્ડિયા જનજાતીય રમતોત્સવનો આરંભ થશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - RS ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયા સંઘર્ષની લાંબા ગાળાની અસરોના સમાધાન  માટે સાત સશક્ત જૂથોની રચનાની જાહેરાત કરી અને રાજ્યોને આ કટોકટીને દૂર કરવા માટે ટીમ ઇન્ડિયા તરીકે કેન્દ્ર સરકાર સાથે કામ કરવા અનુરોધ કર્યો.

(બાઇટ – PM 7 EMPOWERED GROUPS)

રાજ્યસભામાં એક નિવેદનમાં પ્રધાનમંત્રીએ ભારતના વલણનો પુનરોચચાર કરતાં કર્યું કે પશ્ચિમ એશિયામાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે વાતચીત અને રાજદ્વારી એકમાત્ર ઉકેલ છે. શ્રી મોદીએ એમ પણ કહ્યું કે ભારત તણાવ ઓછો કરવા માટે ઈરાન, ઇઝરાયલ અને અમેરિકા સહિત તમામ હિતધારકો સાથે સતત સંપર્કમાં છે. પ્રધાનમંત્રી મોદીએ પુરવઠા અંગે જણાવતા કહ્યું કે

(બાઇટ – PM LPG)

શ્રી મોદીએ પરિસ્થિતિનો લાભ લેતા અસામાજિક તત્વોને ચેતવણી આપી અને રાજ્ય સરકારોને કાળાબજાર અને સંગ્રહખોરીની કડક તપાસ કરવા નિર્દેશ આપ્યો. તેમણે એમ પણ કહ્યું કે આગામી દિવસોમાં સામાન્ય લોકો આ કટોકટીથી પ્રભાવિત ન થાય તે માટે પ્રયાસો ચાલુ રહેશે.

# PM-TRUMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતે તણાવ ઓછો કરવા અને શક્ય તેટલી વહેલી તકે શાંતિ પુનઃસ્થાપિત કરવાને સમર્થન આપ્યું હતું.

# PM - SRI LANKA PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે તેઓએ પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી જેમાં વૈશ્વિક ઉર્જા સુરક્ષાને અસર કરતા પડકારો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

તેમણે ભારત-શ્રીલંકા ઉર્જા સહયોગને મજબૂત બનાવવા અને પ્રાદેશિક સુરક્ષા વધારવાના ઉદ્દેશ્યથી મુખ્ય પહેલોની પ્રગતિની સમીક્ષા કરી હતી.

# PARLIAMENT TODAY

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં નાણા વિધેયક 2026 પરની ચર્ચાનો જવાબ આપશે. આ વિધેયકનો ઉદ્દેશ્ય નાણાકીય વર્ષ 2026-27 માટે કેન્દ્ર સરકારના નાણાકીય પ્રસ્તાવોને અમલમાં મૂકવાનો છે. લોકસભામાં

નાદારી અને નાદારી કોડ (સુધારા) બિલ, 2025 પર ચર્ચા કરવામાં આવશે, જેનો હેતુ નાદારી અને નાદારી કોડ, 2016 માં સુધારો કરવાનો છે.

ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યસભામાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (સામાન્ય વહીવટ) વિધેયક 2026 પણ રજૂ કરશે. આ વિધેયક કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં ગ્રુપ A જનરલ ડ્યુટી અધિકારીઓ અને અન્ય અધિકારીઓની ભરતી અને સેવાની શરતોને નિયંત્રિત કરવા અંગે છે.

# GUJARAT – UCC

ગુજરાત વિધાનસભાએ બહુમતીથી સમાન નાગરિક સંહિતા યુનિફોર્મ સિવિલ કોડ (UCC) વિધેયક પસાર કર્યું.

ગઈકાલે ગૃહમાં સાત કલાકથી વધુ સમય સુધી ચાલેલી ચર્ચા બાદ આ વિધેયક પસાર કરાયું, આ વિધેયક તમામ ધર્મના નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસો અને લિવ-ઇન રિલેશનશિપને નિયંત્રિત કરવા માટે એક સમાન કાનૂની માળખું રજૂ કરે છે. એક દિવસ પહેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વિધેયક ગૃહમાં રજૂ કર્યું, જે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત PANC ના અંતિમ અહેવાલ સોંપ્યાના એક અઠવાડિયા બાદ લાવવામાં આવ્યું.

વિધેયક પસાર થતાં જ ગુજરાત ઉત્તરાખંડ બાદ UCC લાગુ કરનાર દેશનું બીજું રાજ્ય બન્યું. ફેબ્રુઆરી 2024માં UCC બિલ પસાર કરનાર ઉત્તરાખંડ પ્રથમ રાજ્ય હતું. ગુજરાત સમાન નાગરિક સંહિતા, 2026 નામનો પ્રસ્તાવિત કાયદો સમગ્ર રાજ્ય અને રાજ્યની બહાર રહેતા ગુજરાતના રહેવાસીઓને લાગુ પડશે. વિધેયકમાં એ પણ સ્પષ્ટ કરાયું છે કે આ કોડ અનુસૂચિત જનજાતિ અને અન્ય જૂથોને લાગુ પડશે નહીં જેમના અધિકારો બંધારણ હેઠળ સુરક્ષિત છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# WEST ASIA - DAILY BRIEFING

સરકારે ખાતરી આપી છે કે દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો ભંડાર છે, ઘરેલુ LPG ઉત્પાદનમાં વધારો થયો છે અને બધા પ્લાન્ટ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે.

નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ અંગે આંતર-મંત્રાલય સ્તરીય બ્રીફિંગને સંબોધતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું કે સરકારે શહેર ગેસ વિતરણ કંપનીઓને પાંચ દિવસમાં રહેણાંક શાળાઓ અને કોલેજો, સમુદાય અને આંગણવાડી રસોડાઓ, જ્યાં પણ પાઇપલાઇન ઍક્સેસ ઉપલબ્ધ છે, ત્યાં પાઇપલાઇન કુદરતી ગેસ સાથે જોડવાનો નિર્દેશ આપ્યો છે.

(બાઇટ - સુજાતા શર્મા)

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ પુનરોચ્ચાર કર્યો કે કોઈપણ બંદર પર કોઈ ભીડ નથી અને સરકાર અવિરત દરિયાઈ વેપાર સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.

(બાઇટ - રાજેશ કુમાર સિંહા)

# KHELO INDIA

છત્તીસગઢમાં આજથી પ્રથમ ખેલો ઇન્ડિયા જનજાતીય રમતોત્સવનો આરંભ થશે. કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે રાયપુરમાં આ રમતોત્સવનું ઉદ્ઘાટન કરશે. જે ત્રીજી એપ્રિલ સુધી ચાલશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

(VC – વિકલ્પ શુક્લા)

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ ગુજરાત વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા યુસીસી બિલ પસાર થયું તે અંગેના સમાચાર પ્રથમ પાને લીધા છે.
- દિવ્યભાસ્કર લખે છે, લગ્ન સંબંધ છૂટાછેડા અને વારસો મહિલાઓની સમાનતા પૂરી.

- સંદેશ લખે છે કઝીન મેરેજ યુસીસીમાંથી બાકાત ઓળખ છુપાવી લગ્ન કરનારને ગુજરાતમાં કોઈ સ્થાન નહીં.
- ગુજરાત સમાચારે લખ્યું છે, ગુજરાતમાં હવે સમાન નાગરિક કાયદો -લગ્ન કે લિવ ઇન નોંધણી બાદ જ માન્યતા.
- આ ઉપરાંત, 13 વર્ષ કોમામાં રહેનાર હરીશ રાણાનુ અંતે ઈચ્છાથી  મૃત્યુ નિધન સહિતના સમાચારો પણ વાંચવા મળી રહ્યા છે.